Accredited **Grade A** by NAAC

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ) ૨૧૪

**સંદર્ભ :–** મદદનીશ મતદાર નોંધણી અધિકારી, ૬૯ રાજકોટ વેસ્ટ વિ.મ. વિ. અને મામલતદાર (પશ્ચિમ) ની કચેરી, રાજકોટનો તા.૦૨–૦૫–'૧૬ નો પત્ર ક્રમાંક : મતય / ૬૯–રાજકોટ / મતદાન મથક–રેમ્પ – ૨૦૧૬.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય તરફથી સમયાંતરે ચૂંટણીઓ યોજવા માટે કાર્યક્રમ જાહેર થાય છે અને જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણી યોજાય છે. ૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ. ની ચૂંટણીના મતદાન મથકોએ મતદાન કરવા આવનાર મતદારો પૈકી શારીરિક અશકત મતદારોને કોઈ મુશ્કેલી ન થાય અને મતદાન મથકે સરળતાથી જઈને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જે તે મતદાન મથકોએ રેમ્પ (ઢાળ) ની વ્યવસ્થા ફરજીયાતપણે ઉપલબ્ધ કરવા નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા પણ આદેશ થયેલ છે. જેથી આપની કોલેજ ૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ ના મતદાન મથકના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો સંદર્ભ પત્ર તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ કોલેજમાં રેમ્પ (ઢાળ) ની કાયમી વ્યવસ્થા અચૂક કરવાની રહેશે, વધુ માહિતી અર્થે સંદર્ભ પત્ર આ સાથે સામેલ રાખેલ છે, જે વિદિત થાય.

કુલસચિવ

બિડાણ :– સંદર્ભ પત્રની નકલ

નં. જોડાણ / ૨ / ૪૯૯ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૦૯ / ૦૫ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(યોગ્ય કાર્યવાહી કરવા અર્થે...)

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) મદદનીશ કુલસચિવશ્રી, પી. જી. વિભાગ,
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે...

ઈલેક્શન અરજન્ટ

નં./મતય/૬૯–રાજકોટ/મતદાન મથક–રેમ્પ–૨૦૧૬

મદદનીશ મતદાર નોધણી અધિકારી,
૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ. અને,
મામલતદાર (પશ્ચિમ) ની કચેરી
જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ,
રાજકોટ તા.૦૨–૦૫–૨૦૧૬

5 MAY 2016
135

પ્રતિ,
તમામ આચાર્ય શ્રી

Establishment B
Inward No. ......
Date : ......
0 6 MAY 2016
Sau. Uni. Rajkot

વિષય : શારીરીક અશકત મતદારોને મતદાન મથક ખાતે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે

નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ **WP** (સીવીલ) નં. ૧૮૭/૨૦૦૪ નો ચુકાદો

સંદર્ભ : (૧) ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં. ૪૬૪– **INST** –૨૦૧૫– **EPS** તા. ૧૫–૨–૨૦૧૬

(૨) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુ. રા.ગાંધીનગરના પત્ર નં ઈએલસી–૧૦૧૬–૫૨ (૨) છ તા. ૨૬–૨–૨૦૧૬

(૩) શ્રી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી સાહેબ રાજકોટ ના પત્ર ઈલેક–મતદાન મથક –રેમ્પ સુવિધા –૨૦૧૬ તા. ૦૧–૦૩–૨૦૧૬

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજય તરફથી સમયાંતરે ચૂંટણીઓ યોજવા માટે કાર્યક્રમ જાહેર થાય છે. અને જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણી યોજાય છે. જેનાથી આપ સુવિદીત હશો.

ઉપરોકત સંદર્ભ (૧) થી (૩) માં દર્શાવેલ પત્રોની સુચનાની વિગતે ૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ. ની ચૂંટણીના મતદાન મથકોએ મતદાન કરવા આવનાર મતદારો પૈકી શારીરિક અશકત મતદારોને કોઈ મુશ્કેલી ન થાય અને મતદાન મથકે સરળતાથી જઈને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જે તે મતદાન મથકોએ રેમ્પ (ઢાળ) ની વ્યવસ્થા ફરજીયાતપણે ઉપલબ્ધ કરવા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પણ આદેશ થયેલ છે. જેથી ૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ.ના મતદાન મથક આપશ્રીના નિયંત્રણ / કાર્યક્ષેત્રમાં આવતી કોલેજ / શાળાઓ તેમજ આપશ્રીની સંસ્થામાં નકકી થયેલા છે. તેમાં રેમ્પની કાયમી વ્યવસ્થા અચૂક કરવામાં આવે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

મદદનીશ મતદાર નોધણી અધિકારી
૬૯ રાજકોટ વેસ્ટ વિ. મ. વિ. અને
મામલતદાર (પશ્ચિમ) રાજકોટ

**નકલ જયભારત સાથ :**

(૧) રજીસ્ટ્રારશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી , મોહનદાસ ગાંધી વિદ્યાલય, રાજકોટ
(૩) શાશનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતી કરણપરા ચોક, રાજકોટ

ઉકત વિગતે તેમજ શ્રી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી સાહેબ રાજકોટના તા. ૧–૩–૨૦૧૬ ના પત્ર નં. ઈલેક–મતદાન મથક–રેમ્પ સુવિધા–૨૦૧૬ નો પત્રઆપશ્રીને પણ છે. તેની વિગતે ઘટીત થવા વિનંતી છે.

**નકલ સાદર રવાના :**

(૧)જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાહેબ રાજકોટ –કલેકટર કચેરી ચૂંટણી શાખા, રાજકોટ
(૨) શ્રી કમિશ્નર સાહેબ, મ્યુનિસિપલ કોર્પોરેશન, સેન્ટ્રલ ઝોન, રાજકોટ